# ડીસામાં લુખ્ખા તત્વો અને બુટલેગરોનું રાજ : પોલીસ નિષ્ક્રિય

ડીસા, તા. ૮

બનાસકાંઠાના વહેપારી મથક ડીસામાં કાયદો અને વ્યવસ્થાની પરીસ્તીથી ખડે ગઈ છે, અહી લો એન્ડ ઓડર જેવું કશું જ નથી, ડીસામાં જાહેર રોડ પર મારામારી અને તલવારબાજી ના દશ્યો નિત્ય ભજવાય છે, અહી લુખ્ખા તત્વો બેફામ બન્યા છે, અને બુટલેગરો અને અસામાજિક તત્વો એ અહી દાદાગીરી એ સમગ્ર શહેરમાં ભયનો માહોલ ફેલાયો છે, ડીસામાં શહેરી વિસ્તારમાં ૧૧૦થી વધુ દેશી દારૂના અડ્ડા ધમધમી રહ્યા છે, અહી વરલી મટકાના કેન્દ્રો જાહેર રોડ પર પાનની દુકાન જેમ ચાલે છે ,તો વળી ડીસા માં સાઈબાબાનાં મંદિર તેમજ ગાંધીચોક તથા ગંજના નાકા પાસે તેમજ શહેરમાં અનેકો જગ્યા એ દારૂબંધી ની ઠેકડી ઉડાવતા વિદેશી દારૂના અડ્ડા ધમધમી રહ્યા છે, ડીસા દક્ષિણ અને ડીસા ઉત્તર પોલીસ માં બે પોલીસ ઈન્સ્પેકટરો સાથે અહી વિભાગીય પોલીસ વડા ની કચેરી પણ આવેલી છે.

જોકે આટલી મોટી સંખ્યામાં અહી પોલીસ ફોર્સ હોવા છતાં લુખ્ખા તત્વો સાથેની સાંઠ-ગાંઠ થી અહી કાયદો અને વ્યવસ્થા પડી ભાંગી છે, આમ શહેરીજન કોઈ જ લુખ્ખા તત્વો સામે ફરિયાદ કરી શકતો નથી, જુના બસ સ્ટેન્ડમાં ખંડની ખુલ્લે આમ ઉઘરાવાય છે, તો વળી, ડીસા ઉત્તર પોલીસ અને મામલતદાર કચેરી નજીક ખ્લ્લેઆમ થયેલ તલવારબાજી ની ધટના માં પોલીસે ફરિયાદ સુધ્ધા દાખલ કરેલ નથી,ત્યારે વર્ષોથી અહી જામેલા કેટલાક પોલીસ કર્મચારીઓ અહી હપ્તા ઉઘરાવવા ના ખાસ માણસો હોઈ છાશવારે ડીસામાં બદલી કરાવી જામી ગયા છે, આ તમામ બાબતો જોતા અહી ખાખી ની ગરિમા લજવાઈ રહી છે, અને લોકો પોલીસ દાદા થી ડરતા થયા છે, ત્યારે રાજયના ગૃહ વિભાગે અહી દરમ્યાનગીરી કરી આ તમામ બાબતો ની થર્ડ પાર્ટી સાથે રાખી રેઈડ કરી, આ ગુનાહિત પ્રવૃત્તિ અટકાવવા ની જરૂર છે

અહી સરહદી ભુજ રેંજનાં રેંજ ડી.આઈ.જી અને કર્તવ્ય નિષ્ઠ અધિકારી હસમુખભાઈ પટેલ જેવા અધિકારી ને સ્પેશીયલ રેઈડ માટેના આદેશો આપવામાં આવે તો પોલીસ અને અસામાજિક તત્વોના મસમોટા રેકેટનો અહી પર્દાફાસથઈ શકે છે ત્યારે સરકાર જનતાના હિતમાં અહી યોગ્ય કાર્યવાહી કરાવે તેવી પ્રજા માંગ છે




ડીસામાં પોલીસ નિષ્ક્રિયતાનો બોલતો પૂરાવો ચોરીનો અવિરત સિલસિલો છે. અહીં બેદિવસમાં ડીસા બસ સ્ટેન્ડ અને હાઈવેની ૩ દુકાનોમાં લાખોની ચોરી થઈ છે ત્યારે તસકરો પોલીસ પકડથી બહાર છે.

## દોલતાબાદ પાસે અકસ્માત થતાં એકનું મોત

તલોદ તાલુકાના દોલતાબાદ - ગણેશપુરા રોડ પર સોમવારે આઈશર નં. જીજે-ઝેડ-૬૧૧૬ના ચાલકે ગફતલભરી રીતે ડ્રાઈવીંગ કરી સામેથી આવતા આઈવા ગાડી નં. જીજે-૨-વીવી-૧૫૮૦ને ટક્કર મારતા કાન્તિભાઈ ડાહ્યુસિંહ મકવાણાને ગંભીર ઈજા થતા તેમનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. ઉપરાંત અન્ય એક શખ્સને પણ ઈજા થઈ હતી. અમદાવાદના કૃષ્ણનગરમાં રહેતા અરવિંદભાઈ માધવલાલ પટેલે આઈશરના ચાલક રણજિતસિંહ બચુસિંહ ચૌહાણ વિરુદ્ધ તલોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવી હતી.

## ઉંછાની યુવતી ગુમ થતાં ફરિયાદ

પ્રાંતિજ તાલુકાના ઉંછા ગામે રહેતા કાજલબહેન મકવાણા સોમવારે ઘરેથી કુદરતી હાજતે જવાનું કહી નીકળ્યા બાદ સાંજ સુધી પરત ન ફરતા પરિવારજનો દ્વારા શોધખોળ કરવામાં આવી હતી. પરંતુ કોઈ પત્તો ન મળતા કાજલબહેનના પિતા કલ્યાણસિંહ સોમસિંહ મકવાણાએ મંગળવારે પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## કાંકણોલમાંથી ૨૫ હજારનું બાઈક ચોરાયું

હિંમતનગર પાસેના કાંકણોલ ગામે રહેતા જીજ્ઞેશકુમાર રણછોડભાઈ પટેલનું બાઈક નં. જીજે-૦૯-સીઆર-૦૧૬૪ની સોમવારે અજાણ્યા શખ્સો ચોરી કરીને લઈ ગયા હતા. જીજ્ઞેશભાઈએ તપાસ કરવા છતાં કોઈ પત્તો ન મળતા તેમણે ૨૫ હજારનું બાઈક ચોરાયાની ફરિયાદ એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી.

## મંદબુદ્ધિના બાળકો દ્વારા જનજાગૃતિ રેલી યોજાઈ

સાબરકાંઠા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત મંદબુદ્ધિના બાળકોની સંસ્થા હિંમતનગર દ્વારા મંગળવારે માનસિક ક્ષતિ દિનની ઉજવણી અંતર્ગત જનજાગૃતિ અર્થે બાળકોની રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમાજ સુરક્ષા અધિકારી એન. કે. પરમારે રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે ડૉ. ગોપલાણી, નાથાભાઈ પટેલે ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. રેલીને સફળ બનાવવા જીતુભાઈ પટેલ તથા સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

## રામપુર પાટીયા પાસેથી સગીરાનું અપહરણ કરાતા ફરિયાદ

વડાલી તાલુકાના રામપુર પાટીયા પાસેથી ગત તા. ૨૩ નવેમ્બરના રોજ બાબુભાઈ શનાભાઈ વાઘેલાની સગીર દિકરી મનિષાબેન વાઘેલાનું વાઘોડીયા તાલુકાના ખેરવાડી ગામના અર્જુનભાઈ દલપતસિંહ વસાવા લગ્ન કરવાની લાલચ આપી ફોસલાવી પટાવી ભગાડી ગયા હતા. જે અંગે બાબુભાઈ વાઘેલાએ સોમવારે અર્જુનભાઈ વસાવા વિરુદ્ધ વડાલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## રણછોડરાય સોસા.માંથી બાઈક ચોરાયું

હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં આવેલ રણછોડરાય સોસાયટીમાં રહેતા તુષારભાઈ અતુલભાઈ પટેલનું બીક નં. જીજે-૯-એસી-૪૭૭૮ની સોમવારે રાત્રે અજાણ્યા શખ્સો ચોરી કરીને લઈ ગયા હતા. જે અંગે તુષારભાઈએ તપાસ કરવા છતાં બાઈકનો કોઈ પત્તો મળ્યો ન હતો.

# ઉમેદપુરા કંપા નજીક ખેત જમીન પર મંજુરી વગર શરૂ થઈ રહેલો ડામર પ્લાન્ટ

તલોદ, તા. ૮

તલોદ તાલુકાના ઉમેદપુરા કંપાની નજીક ખેતીની જમીન ઉપર હેતુફેર કર્યા સિવાય બે માસ અગાઉ ડામર પ્લાન્ટ શરૂ કરવાની તજવીજ હાથ ધરાઈ હતી. ફક્ત ખેતી ઉપર નભતા કંપાના ગ્રામજનોએ મહામુલી ખેતીને બચાવવા આ ડામર પ્લાન્ટનો સખત વિરોધ કરી જિલ્લા અને સ્થાનિક વહીવટીતંત્રને અરજીઓ કરી છે. હાલ આ ડામર પ્લાન્ટની તમામ મશીનરી ફીટ કરીને શરૂ કરવાની તૈયારીઓ આરંભાઈ ચુકી છે. છતાં સરકારી કચેરીઓએ કોઈ જ પગલાં ન લેતાં ગ્રામજનોમાં વહીવટની શંકાઓ પેદા થઈ છે. તો બીજી તરફ ગુજરાત પ્રદૂષણ બોર્ડે સ્થળ તપાસ કરી એકમને મંજુરી મેળવ્યા વગર ચાલુ ન કરવા નોટીસ ફટકારી દીધી છે.

મળેલ વિગતો મુજબ તલોદ તાલુકાના ઉમેદપુરા કંપા ગામે ડામર ઉત્પાદીત કરવા અંગેનો પ્લાન્ટ નાખવા માટેની બે માસ અગાઉની તૈયારીઓ આખરી ચરણમાં પહોંચીને ઉત્પાદન શરૂ કરવામાં આવનાર હોવાનું ગ્રામજનો જણાવી રહ્યા છે. ઉમેદપુરા કંપામાં ૨૫ ઘરોમાં ૨૦૦ વ્યક્તિઓની વસ્તી છે. જે ફક્ત ને ફક્ત ખેતી ઉપર નભી રહી છે. ત્યારે ગામ નજીક ૧૦૦ મીટરે ગુલાબની મુવાડીની સીમમાં સર્વે નં. ૧૩૬વાળી જમીનમાં હેતુફેર કે કોઈ પણ જાતની મંજુરી વગર ડામર પ્લાન્ટ શરૂ કરવામાં આવનાર છે. જે અંગેની ગ્રામજનોને જાણ થતા જ તાત્કાલિક આ ડામર પ્લાન્ટનો વિરોધ કર્યો હતો. અને ખેતી ઉપર જ નભતા ૨૫ ઘરોની ખેતી આ પ્રદૂષિત ઉત્પાદનથી નાશ પામવાની શક્યતા જણાઈ હતી. જેથી આ ડામર પ્લાન્ટને શરૂ ન કરવા દેવા જિલ્લામાં કલેક્ટર, તલોદ મામલતદાર, પ્રાંત કચેરી તથા પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને લેખિતમાં ઓક્ટેબર ૧૫માં જાણ કરી હતી. બે માસ જેવા લાંબા સમય પછી પણ સરકારી કચેરીઓ દ્વારા કોઈ જ પગલાં લેવાયા નથી અને ડામર પ્લાન્ટ શરૂ થઈ રહ્યો છે. ત્યારે ગ્રામજનોમાં મોટા વહીવટની શંકા ઉભી થઈ છે. મંજુરી વગર અને હેતુફેર કર્યા સિવાય શરૂ કરવામાં આવનાર આ એકમની ફક્ત પ્રદૂષણ બોર્ડે જ સ્થળ તપાસ હાથ ધરી હતી અને હવા અધિનિયમ ૧૯૮૧ હેઠળ નોટીસ પાઠવી મંજુરી વગર પ્લાન્ટ શરૂ ન કરવા તાકીદ કરાઈ છે. જે અંગેની જાણ બોર્ડની વડી કચેરી ગાંધીનગર તથા હિંમતનગરના યુનિટ હેડ જે.ડી. પ્રિયદર્શીને કરવામાં આવી છે. રાજ્ય સરકાર ખેતી વિષયક સંબંધી અનેક લાભદાયક યોજના જાહેર જાહેર કરી રહી છે. તો બીજી તરફ સરકારની કચેરીઓ જ આ અંગે લાપરવાહી દાખવી રહી છે જેથી સત્વરે ખેતી બચાવવા તંત્ર તાકીદે કડક કાર્યવાહી હાથ ધરે તેવી માંગ ગ્રામજનોએ કરી છે.

**ગ્રામજનોની વિરોધ અરજીઓ પ્રત્યે સરકારી કચેરીઓના આંખ આડા કાન, ફક્ત પ્રદૂષણ બોર્ડે જ પ્લાન્ટ બંધ કરવા કહ્યું**

## સાબરકાંઠા જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના પ્રમુખોની પસંદગી માટેની ક્વાયત શરૂ

હિંમતનગર, તા. ૮

સાબરકાંઠા જિલ્લા પંચાયત અને ૮ તાલુકા પંચાયતમાં કોંગ્રેસના વધુ સદસ્યોએ વિજય મેળવ્યો છે ત્યારે જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના પ્રમુખોની પસંદગી માટેની ક્વાયત કોંગ્રેસ પક્ષના પ્રમુખ તથા અગ્રણીઓ દ્વારા શરૂ કરાઈ છે. જોકે ૨૦મી ડિસેમ્બર પછી નિરીક્ષકોની હાજરીમાં ચૂંટાયેલા સદસ્યોની રજૂઆત સાંભળ્યા બાદ ક્યા ઉમેદવારને શાસનધુરાની જવાબદારી સોંપવામાં આવશે.

આ અંગેની વિગત એવી છે કે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી કોંગ્રેસને મળેલા અભૂતપૂર્વ સફળતા બાદ હવે પ્રમુખ, ઉપપ્રમુખની પસંદગી કરવાનો સમય આવી ગયો છે.

જિલ્લામાં કોંગ્રેસના પ્રમુખ વિપુલભાઈ પટેલે જણાવ્યું હતું કે આગેવાનો તથા નિરીક્ષકો દ્વારા ચૂંટાયેલા સદસ્યો પાસેથી સર્વસંમત ઉમેદવારોના નામોની ચર્ચા કરવામાં આવશે. ૨૦મી ડિસેમ્બર બાદ તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના પ્રમુખની વરણી કરવામાં આવશે. ચૂંટણીમાં વિજેતા ઉમેદવારો પણ પોત-પોતાના ટેકેદારો સાથે રજૂઆત કરી રહ્યા છે.

# મોડાસાની પ્રાર્થના વિદ્યાલયમાં જાયન્ટસ ઈન્ટ ફેડરેશન થ્રીસીનું વાર્ષિક અધિવેશન યોજાયું

**બેટી બચાવો અને બેટીયા સ્કૂલ ચલો માટે મોડાસા જાયન્ટસ ગ્રુપનો એવોર્ડ એનાયત**

મોડાસા, તા. ૮

દેશ-દુનિયામાં સેવાકીય પ્રવૃત્તિઓ અને ગરીબ અને જરૂરીયાતમંદ લોકો માટે હંમેશા અગ્રેશર રહેતી અને સેવા માટે તત્પર રહેતી જાયન્ટસ ઈન્ટરનેશનલ ફેડરેશનની શાખા ફેડરેશન થ્રી-સીનું જનરલ અધિવેશન જાયન્ટસ ગ્રુપ ઓફ મોડાસા અને માલપુર દ્વારા મોડાસાની પ્રાથના ગ્લોબલ સ્કૂલમાં યોજાયું હતું. જેમાં ઉત્તર ગુજરાત ફેડરેશન થ્રીસના ૩૫૦ થી વધુ હોદ્દેદારો પરિવારજનો સાથે જોડાયા હતા. વર્ષ દરમિયાન કરેલી સેવાકીય પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત આપવા માટે વિવિધ એવોર્ડ એનાયત કરાયા હતા. જાયન્ટસ ગ્રુપ ઓફ માલપુરને સૌથી વધુ એવોર્ડ પ્રાપ્ત થયા હતા.



અરવલ્લી જિલ્લાના વડુમથક મોડાસા શહેરની જાણીતી શૈક્ષણિક સંસ્થા પ્રાર્થના ગ્લોબલ વિદ્યાલયમાં જાયન્ટસ ગ્રુપ ઓફ ફેડરેશન સી-થ્રીમાં સમાવેશ ઉત્તર ગુજરાતના મહેસાણા, પાટણ, ઉંઝા, બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાને જોડતી જાયન્ટસ ગ્રુપ અને જાયન્ટસ ગ્રુપ ઓફ સાહેલીનું વાર્ષિક અધિવેશન યોજાયું હતું. જાયન્ટસ ગ્રુપ ઓફ ગાંધીનગર દ્વારા વર્ષ દરમિયાન કરેલી સેવાકીય પ્રવૃત્તિઓએ એવોર્ડ ટ્રોફી મેળવવામાં બાજી મારી હતી. અરવલ્લી જિલ્લાના જાયન્ટસ ગ્રુપ ઓફ માલપુરના કાયમી પ્રોજેક્ટ પાણીની પરબ અને મહેસાણા જાયન્ટસ ગ્રુપ દ્વારા (ચાણસ્મા) રક્તદાન શિબિરમાં એકત્ર કરાયેલી ૩૦૦૦ હજાર લોહીની બોટલ જરૂરીયાતમંદ લોકોને પહોંચાડવાના ભગીરથ કાર્યને ઉપસ્થિત જનમેદનીએ વધાવી હતી. જાયન્ટસ ગ્રુપ ઓફ મોડાસાની ટીમે વર્ષ ૨૦૧૪-૨૦૧૫ દરમ્યાન બેટી બચાવો અને બેટીયા સ્કૂલ ચલોના અભિયાન માટે શ્રેષ્ઠ કામગીરી બદલ એવોર્ડથી સન્માનિત કરાતા ફેડરેશન થ્રોસીના ઉપપ્રમુખ નિલેષભાઈ જોષી, મોડાસાના પ્રમુખ રાકેશ પટેલ સહિતની ટીમને ઉપસ્થિત લોકોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધો હતો.

વાર્ષિક અધિવેશનમાં સેન્ટ્રલ કમીટી મેમ્બર રસીકભાઈ સુથાર, પ્રાર્થના સ્કૂલના કનુભાઈ પટેલ (ચેરમેનશ્રી), ડેપ્યુટી વર્લ્ડ ચેરમેન બળદેવભાઈ પટેલ, ફેડરેશન ઉપપ્રમુખ નિલેષભાઈ જોષી, યુનિટ ડાયરેકટર સુરેન્દ્રસિંહ રાઠોડ (ચકાચકબાપુ), કોન્ફરન્સ ચેમરેન નવનીતભાઈ પરીખ, માલપુર ગ્રુપના પ્રમુખ રમેશભાઈ સોની, તેમજ મોડાસા જાયન્ટસ ગ્રુપ અને માલપુરના સદસ્યો સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર અધિવેશનનું સફળ સંચાલન મુકુન્દભાઈ શાહે કર્યું હતું.

## મહિયલની શાળામાં નેત્રયજ્ઞ કાર્યક્રમ યોજાયો

તલોદ, તા. ૮

સર્જન ફાઉન્ડેશન પ્રાંતિજ અને શેઠ જે.બી. ઉપાધ્યાય હાઈસ્કૂલ મહિયલના સંયુક્ત ઉપક્રમે શાળાના પ્રાંગણમાં નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહિયલની આસપાસના ૨૫ ગામોના ૭૨૦ આંખના રોગના દર્દીઓને આંખની ચકાસણી કરવામાં આવી હતી. જે પૈકી ૯૬ મોતીયાના ઓપરેશનના દર્દીઓ, ૪૨૨ દર્દીઓને ચશ્મા વિતરણ તેમજ ૧૦૮ દર્દીઓને આંખની દવાનું વિતરણ કરવામાં આવેલ હતું. આ સમગ્ર શિબિરમાં ડૉ. રોહિતભાઈ એચ. ઉપાધ્યાય, મે. ઓફિસર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર-તખતગઢ, ટ્રસ્ટી મંડળના પ્રમુખ શેઠશ્રી હિતેન્દ્રભાઈ એસ. ઉપાધ્યાય, મહેશભાઈ પી. ઉપાધ્યાય સતત હાજર રહી દર્દીઓને આંખ અંગે જાગૃતીની સમજ આપી ઉત્સાહ વધાર્યો હતો.

આ સમગ્ર કાર્યક્રમમાં શાળાના આચાર્ય ડૉ. મનહરભાઈ પી. પંચાલ તેમજ શાળાના સ્ટાફમિત્રો, સર્જન ફાઉન્ડેશનના અશોકભાઈ અને તેમની ટીમે સતત જહેમત ઉઠાવી નેત્રયજ્ઞને સાચા અર્થમાં સફળ બનાવ્યો હતો.

# મોડાસામાં પોલીસના સ્વાંગમાં બાઈક પર આવેલા બે શખ્સો પેટ્રોલપંપના કર્મી પાસેથી ૨ લાખની રોકડ લઈ છૂમંતર

મોડાસા, તા. ૮

અરવલ્લી જિલ્લા અને મોડાસા શહેરમાં ગઠિયાઓ, ચોર, તસ્કરો બેફામ બની ગયા છે. મોડાસા શહેરમાં ચોરીની ઘટનાઓ, પાકીટમારી અને અછોડા ચોરીની ઘટનાઓમાં ઉત્તરોત્તર વધારો જોવા મળી રહ્યો છે. સોમવારે બપોરના સુમારે વેણપુરના વૃંદાવન પેટ્રોલપંપના કર્મચારીને પોલિસનો ખોફ બતાવી થેલો ચેકીંગ કરવાના બહાને બાઈક પર આવેલ બે ગઠિયાઓ થેલામાં રહેલી બે લાખ રૂપિયાની રોકડ સમ લઈ હવામાં ઓગળી ગયા હતા. હકીકતની જાણ થતા પેટ્રોલપંપનો કર્મચારી બેબાકળો બની ગયો હતો. આ અંગે મોડાસા ટાઉન પોલીસને જાણ કરતા મોડાસા ટાઉન પોલીસે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહિ હાથધરી હતી.

મોડાસા શહેરના શામળાજી રાજ્ય ધોરીમાર્ગ પર મોડાસાના ભરચક વિસ્તાર અને લોકોની અવરજવર વચ્ચે ભિલોડા તાલુકાના વેણપુર ગામે આવેલા પેટ્રોલપંપના કર્મચારીને બે ગઠિયાઓ પોલીસનો ખોફ બતાવી સાથે રહેલા થેલામાંથી ૨ લાખ રૂપિયાની રોકડી કરી પલાયન થઈ જતા આ ઘટનાથી ડિપ વિસ્તારમાં ભય ફેલાયો છે. ભિલોડા તાલુકાના વેણપુર ગામની નજીક આવેલા વૃંદાવન પેટ્રોલપંપનો કર્મચારી સોમવારે બપોરે એચ.ડી.એફ.સી. બેંકમાંથી ૨ લાખ ૪૦ હજાર રૂપિયાની રોકડ રકમ લઈને પેટ્રોલપંપ પર જવા માટે જીપ કે બસની રાહ જોતા ડિપ વિસ્તારમાં ઉભો હતો ત્યારે બે અજાણ્યા બાઈક સવારે પેશનપ્રો હિરો કંપનીની નંબર વગરની બાઈક લઈને પેટ્રોલપંપના કર્મચારીને પાસે જઈ પોલીસ જેવી વાકછટાથી આંજી દઈ થેલાની તપાસી અંગે જણાવતા વાતોમાં આવી ગયેલા કર્મચારીએ આ બન્ને શખ્સોની વાતોમાં આવી જઈ થેલો આપી દેતા એક ગઠિયાએ કર્મચારીને વાતોમાં પરોવી અન્ય શખ્સે થેલામાં રહેલા ૧૦૦૦ રૂ.ના બે બંડલો રૂ. બે લાખની રકમ સેરવી લઈ થેલો પાછો આપી દમ મારી નિકળી ગયા હતા.



પેટ્રોલપંપના કર્મચારીએ થેલામાં જોતા કર્મચારીને આંખો પહોળી થઈ ગઈ હતી અને થેલામાં રાખેલા ૧૦૦૦ની દરના બે બંડલો ગુમ હતા. જ્યારે ૧૦૦ના દરના ૪ બંડલ રૂપિયા ૪૦ હજાર રૂપિયા સલામત જણાતા આ અંગે પેટ્રોલપંપના માલીક નટવરલાલ નારણભાઈ પટેલને જાણ કરતાં તાબડતોડ મોડાસા ખાતે દોડી આવ્યા હતા અને કર્મચારીને લઈ લૂંટની ઘટના અંગે મોડાસા ટાઉન પોલીસને જાણ કરતા મોડાસા ટાઉન પોલીસે ફરિયાદને આધારે બે ગઠિયાઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

મોડાસા એચડીએફસી બેંકમાંથી રોકડ રકમ લઈ નિકળેલા પેટ્રોલપંપના કર્મચારીની રેકી કરીને લુંટવામાં આવ્યો હોવાનું જણાઈ આવે છે. તેમજ મોડાસા એચડીએફસી બેંકના સીસીટીવી ફુટેજ અને શહેરના વિવિધ વિસ્તારોમાં લગાવેલા સીસીટીવી કેમેરાના ફુટેજ તપાસવામાં આવે તો ગઠિયાઓ ઝડપાઈ જવાની શક્યતા જોવાઈ રહી છે. તેમજ ૨ લાખ ૪૦ હજારમાંથી ૨ લાખ રૂપિયા જ થેલામાંથી કાઢી જતા અને ૪૦ હજાર રોકડ રકમ રહેવા દેતા આ લૂંટની ઘટનામાં પેટ્રોલપંપના કર્મચારીની પણ ભૂમિકા શંકાસ્પદ હોય તો નવાઈ નહિ ?

# દિયોદર વાત્સલ્ય કન્સેપ્ટ સ્કૂલે વિજ્ઞાન ગણિત પ્રદર્શનમાં પ્રથમ નંબરે સ્થાન મેળવ્યુ

દિયોદર, તા. ૮

દિયોદરમાં જૂન ૨૦૧૫થી શરૂ થયેલી વાત્સલ્ય કન્સેપ્ટ સ્કૂલમાં ગુજરાતી માધ્યમમાં બાલમંદિરથી ધોરણ-૮ અને અંગ્રેજી માધ્યમમાં પ્લે ગ્રુપથી સિનિયર કે.જી. સુધી અભ્યાસ ચાલે છે. આ શાળામાં ૧૮૫ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. અને ૧૬ શિક્ષકો ફરજ બજાવે છે. તાજેતરમાં સરકાર દ્વારા યોજવામાં આવેલ વિજ્ઞાન ગણિત પ્રદર્શન ૨૦૧૫-૧૬માં શાળાએ બે કૃતિઓ રજુ કરેલ હતી. બંનેમાં સી.આર.સી. કક્ષાએ દિયોદરની તમામ શાળાઓ વચ્ચે આ શાળાએ પ્રથમ નંબર મેળવતા શિક્ષકોએ બાળકોને અભિનંદન પાઠવ્યા હતા. તેની સાથે સાથે પણ અગાઉ ભારત વિકાસ પરિષદ, દિયોદર દ્વારા આયોજીત 'ભારત કો જાનો' ક્વીઝ-૨૦૧૫ની સ્પર્ધામાં સ્કૂલે પ્રથમ નંબર પ્રાપ્ત કરી ટ્રોફી અને પ્રમાણપત્ર મેળવ્યું છે. પ્રાંત કક્ષાની ક્વીઝમાં ચાણસ્મા મુકામે ભાગ લઈ ઉત્તર ગુજરાતમાં ત્રીજુ સ્થાન મેળવેલ છે. અન્ય ભા.વિ.પ. દ્વારા આયોજીત રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધા-૨૦૧૫માં પણ બીજો નંબર મેળવી ટ્રોફી તથા પ્રમાણપત્ર પ્રાપ્ત કરેલ છે. છ મહિનાના ટુંકાગાળામાં દિયોદર વાત્સલ્ય કન્સેપ્ટ સ્કૂલે સફળતાના શિખરોસર કરતા વિદ્યાર્થીના વાલીઓએ પણ શાળામાં અભ્યાસ અંગે અભિનંદન પાઠવ્યા છે.

## જેસીંગપુરા પાસે કાર પલટી ખાઈ જતા એકનું મોત

પ્રાંતિજ, તા. ૮

પ્રાંતિજ તાલુકાના જેસીંગપુર પાસેના હાઈવે પરથી સોમવારે રાત્રે પસાર થઈ રહેલી કાર અચાનક પલટી ખાઈ જતા એક જણાનું મોત નિપજ્યું હતું તેમજ અન્ય એક જણને ઈજા થઈ હતી. અકસ્માત અંગે પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સોમવારે રાત્રે કાર નં. જીજે-૧૨-બીઆર-૯૭૫૫ના ચાલક હિંમતનગરથી ગાંધીનગર જઈ રહ્યા હતા. દરમિયાન જેસીંગપુર પાસે અચાનક કાર પલટી ખાઈ જતાં કિસનસિંહ રાઠોડ તેમજ દિલીપભાઈ બરંડાને ઈજા થઈ હતી. જેથી બંને જણાને સારવાર માટે હિંમતનગર સિવિલમાં ખસેડાયા હતા. જ્યાં સારવાર દરમિયાન કિસનસિંહ રાઠોડનું મોત નિપજ્યું હતું. જે અંગે પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# અરવલ્લી જીલ્લા પંચાયતમાં પ્રમુખ પદનો તાજ કોના શિરે ? કોંગ્રેસના વિજેતા ઉમેદવારોની દાવેદારી શરૂ

ભિલોડા,તા.૮

અરવલ્લી જીલ્લા પંચાયતમાં પ્રમુખ પદનો તાજ કોના શિરે ? કોંગ્રેસના વિજેતા ઉમેદવારોની દાવેદારીનો દોર શરૂ થયેલ છે. સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીમાં કોંગ્રેસની સીટો વધુ આવતા કોંગ્રેસે સત્તા હાંસલ કરતાં અરવલ્લી જીલ્લા પંચાયત પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી અધ્યક્ષ, બાંધકામ સમિતીના ચેરમેન, શિક્ષણ સમિતીના ચેરમેન સહિત વિવિધ મલાઈદાર સમિતીઓના ચેરમેન પદે કોણ-કોણ બિરાજશે તેની અવનવી અટકળોનો દોર વચ્ચે કોંગ્રેસના વિજેતા ઉમેદવારોએ મનપસંદ પદ પ્રાપ્ત કરવા માટે કોંગ્રેસ પક્ષના ઉચ્ચ કક્ષાના હોદ્દેદારો સુધી ભલામણોનો દોર જામ્યો છે. કોંગ્રેસના વિજેતા ઉમેદવારોએ પ્રજાના હોંશે-હોંશે મત લીધા બાદ પદ પ્રાપ્ત કરવા રાજકીય ગોડફાધરોના આશીર્વાદ માટે લોબીંગનો શુભારંભ થયેલ છે. અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા



તાલુકામાં ચોરે અને ચૌટે એક જ ચર્ચા અરવલ્લી જીલ્લા પંચાયતના પ્રમુખ કોણ બનશે ? અત્રે ઉલ્લેખનીય છે કે આધારભુત સુત્રો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ ભિલોડા તાલુકાની કિશનગઢ જીલ્લા પંચાયત સીટ ઉપર કોંગ્રેસના ઉમેદવાર રાજેન્દ્રભાઈ કાંતીલાલ પારઘીનું નામ બહાર આવ્યું હોવાની ચર્ચાઓએ ભારે જોર પકડ્યું હોવાનું લોકમુખે જાણવા મળેલ છે.

ભિલોડા તાલુકા પંચાયતમાં પ્રમુખ, ઉપપ્રમુખનો કળશ કોના માથે ઢોળાશે તેની અટકળો પણ વહેતી થઈ છે ત્યારે ભિલોડા તાલુકા પંચાયતના પ્રમુખ પદે મીરાબેન અરવિંદભાઈ ખરાડી અને કુંદનબેન વનરાજભાઈ ડામોરનું નામ પણ બહાર આવ્યું હોવાનું લોકમુખે ચર્ચાય છે. કોંગ્રેસના વિજેતા ઉમેદવારો પદ મેળવવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યા હોવાનું આધારભુત સુત્રો ધ્વારા જાણવા મળેલ છે.